No. of Printed Pages : 5 **CFN–003**

# CERTIFICATE PROGRAMME IN FOOD AND NUTRITION (CFN)

## Term-End Examination

## June, 2026

### CFN–003 : ECONOMICS OF FOOD

*Time : 3 Hours* *Maximum Marks : 100*

છાપેલા પાનાની સંખ્યાઃ 5 **CFN-003**

# ફૂડ અને ન્યૂટ્રિશનમાં સર્ટિફિકેટ પ્રોગ્રામ. (CFN)

## સત્રાંત પરીક્ષા

## જૂન V 2026

### CFN-003 : ખોરાકનું અર્થશાસ્ત્ર

*સમયઃ 3 કલાક* *મહત્તમ ગુણઃ* 100

---

***નોંધ:*** *(i) પ્રશ્ન નં. 1 ફરજિયાત છે.*

*(ii) કુલ* ***પાંચ*** *પ્રશ્નોના જવાબ આપો.*

*(iii) બધા પ્રશ્નોના માર્ક એકસમાન છે.*

---

1. (a) ડેરી સહકારી મંડળી અને ડેરી ઉદ્યોગસાહસ વચ્ચે શું તફાવત છે? 3

(b) વેજ ગૂડ્સ (રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુઓ) તરીકે ઓળખાતી / પસંદ કરવામાં આવતી કોઈપણ *ત્રણ* ખાદ્ય વસ્તુઓની યાદી આપો. 3

(c) છોડની ખેતી માટે તમે ઉપયોગમાં લઈ શકો તેવા કોઈપણ *ત્રણ* સેન્દ્રિય ખાતરોની યાદી આપો. 3

(d) પશુધનમાંથી પ્રાપ્ત થતાં કોઈપણ *ત્રણ* ખાદ્યપદાર્થોને ઓળખો. 3

(e) પીડીએસ હેઠળ વેચાણ માટે આવશ્યક ચીજવસ્તુઓ તરીકે માન્યતાપ્રાપ્ત કોઈપણ *ચાર* વસ્તુઓની યાદી આપો. 2

(f) સરકાર દ્વારા ખાદ્યપદાર્થોની ખરીદી (પ્રોક્યોરમેન્ટ) માટેના *ત્રણ* આનુષંગિક ઘટકો કયા છે? 3

(g) માછલી ખાવાના કોઈપણ *ત્રણ* ફાયદા જણાવો. 3

2. (a) ખોરાક પાછળ થતાં ખર્ચને પ્રભાવિત કરનારા પરિબળોની સંક્ષિપ્તમાં ચર્ચા કરો. 10

(b) તમે તમારા ઘરે વિકસાવવા ઇચ્છો તેવા બગીચાનું યોજનાકીય માળખું આકૃતિની મદદથી રજૂ કરો. તેમાં તમે કયા છોડ વાવશો? કીચન ગાર્ડનના ઉપયોગો જણાવો. 3+2+5

3. (a) ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (ટીપીડીએસ) એટલે શું? ટીપીડીએસ હેઠળ ઇશ્યૂ કરવામાં આવતાં વિવિધ રેશન કાર્ડ્સ વિશે વિગતવાર સમજાવો. 2+6

(b) કૃષિ સબસિડી અને ખાદ્ય સબસિડી વચ્ચેનો તફાવત જણાવો તથા તેના ઘટકો પર પ્રકાશ પાડો. 6+6

4. (a) પોલ્ટ્રી ઉદ્યોગસાહસમાંથી કઈ-કઈ પેદાશો પ્રાપ્ત થાય છે? 10

(b) એક્વાકલ્ચર એટલે શું? તેનું મહત્વ સમજાવો. 5

(c) પશુઓના વિકાસ માટેના સરકારી કાર્યક્રમ વિશે વિગતવાર સમજાવો. 5

5. (a) ઓપરેશન ફ્લડ પ્રોજેક્ટ શું છે? આ પ્રોજેક્ટ ગ્રાહકો અને પશુપાલકોને કેવી રીતે મદદરૂપ થઈ રહ્યો છે? 10

(b) બજારમાં ઉપલબ્ધ માછલીની આડપેદાશો અને મૂલ્યવર્ધિત ઉત્પાદનોને ઓળખો. 5

(c) આપણા દેશમાં મત્સ્યપાલનની પ્રવૃત્તિ માટે આપવામાં આવતી કોઈપણ *પાંચ* સબસિડીઓની યાદી આપો. 5

6. નીચેની બાબતો વિશે સંક્ષિપ્તમાં જણાવો: 5+5+5+5

(a) ગ્રાહક સુરક્ષા અધિનિયમ (કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ)

(b) ભેળસેળ અટકાવવાનાં પગલાં

(c) ખાદ્યપદાર્થોના બગાડ અને તેના સ્ત્રોતો

(d) પોષણ અંગે જાણકારી પૂરી પાડવામાં જનસંપર્કના માધ્યમોના ઉપયોગ

7. (a) ભારતમાં જાહેર સ્વાસ્થ્યની દૃષ્ટિએ મહત્વની હોય તેવી પોષણ સંબંધિત સર્વસામાન્ય ઊણપો કઈ છે? એક-એક કરીને ગણાવો. 8

(b) નીચે જણાવેલા હેતુઓ અને ઘટકો સમજાવો: 6+6

(i) ICDS

(ii) મધ્યાહન ભોજન કાર્યક્રમ

8. નીચેનામાંથી કોઈપણ ચાર પર ટૂંકનોંધ લખો: 4×5=20

(a) નેશનલ ન્યુટ્રિશનલ પ્રોફીલેક્સિસ પ્રોગ્રામ

(b) ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ

(c) ગ્રાહકોને જાણકારી પૂરી પાડતી એજન્સીઓ

(d) ભેળસેળની હાનિકારક અસરો

(e) ખોરાકની ગુણવત્તાની ખાતરી કરવાના એક ઉપાય તરીકે ખાદ્યપદાર્થોનું ગ્રેડિંગ

× × × × ×